ગાંધીનગર સમાચાર

# દિવાળીની મઝા ભલે માણીએ પણ પર્યાવરણને અનુકૂળ થઈએ



ગાંધીનગર, તા. ૧૦

દિવાળી એ આપણો મોટામાં મોટો તહેવાર છે અને એની મઝા અનેરી હોય છે, એમાં દીપ અને ફટાકડાનું મહત્ત્વ પણ જોડાયેલું છે એવી માન્યતા આપણે ત્યાં છે ને એનું આપણે પાલન કરીએ છીએ. પરંતુ, દિવાળીની મઝા ભલે માણીએ, પર્યાવરણને અનુકૂળ પણ થઈએ એવી વિનંતી એક જાગૃત નાગરિક દ્વારા કરવામાં આવી છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડના પૂર્વ જન સંપર્ક અધિકારી નરેશ ઠાકરે આ વિનંતી અભિવ્યક્ત કરતાં જણાવ્યું છે કે, વીતેલી છેલ્લી સદીથી દિવાળી દરમિયાન સામાન્ય રીતે ફટાકડા ફોડવામાં આવે છે, અને બાળકો અલ્પ સમય માટે ખુશ થાય છે. પરંતુ હવે, દિવાળીના આ તહેવારોમાં ઉલ્લાસના ઊભરામાં ધડાકાનો ઘોંઘાટ ફેલાઈ રહ્યો છે. દિવાળીની ઉજવણી દરમિયાન લોકો ગમે ત્યાં તેમજ વેળા કવેળાએ ગમે ત્યારે એક પછી અનેક મોટા અસહ્ય ધડાકા થાય તેવા ફટાકડા ફોડે છે. આવા ફટાકડા ફોડવાથી હવા અને ધ્વનિ પ્રદૂષણ થાય છે. તદ્ઉપરાંત, ઘર, ગામ, નગર કે શહેરોમાં ઠેકઠેકાણે ગલીઓ અને રસ્તાઓની ચારેકોર કાગળના ટૂકડાઓ અને પ્લાસ્ટિકનો કચરો ફેલાય છે.

અલબત્ત, હવે ધ્વનિ પ્રદૂષણ ખાળવાનો કાયદો અમલમાં છે. ઔદ્યોગિક પ્રવૃત્તિ, બાંધકામ પ્રવૃત્તિ, જનરેટર સેટ, લાઉડ સ્પીકર, માઈક્રોફોન્સ, મ્યુઝિકલ સિસ્ટમ્સ, વાહનોના હોર્ન્સ, તેમજ અન્ય મિકેનિકલ ડિવાઈસ જેવા ધ્વનિ પ્રદૂષણના સ્ત્રોતોમાંથી ઉદભવતા ઘોંઘાટનું પ્રમાણ જાહેર સ્થળો ખાતે વાતાવરણમાં વધતુ જોવા મળે છે.

માનવ આરોગ્ય તેમજ જનસુખાકારીના માનસિક સ્વાસ્થ્ય પર ઘોંઘાટની નુકસાનકારક અસરો થાય છે. આથી, આવા ઘોંઘાટ કરતા સાધનો અને સ્ત્રોતોનું નિયમન અને નિયંત્રણ કરીને વાતાવરણમાં હવાની ગુણવત્તાના ધોરણો જાળવવાના હેતુથી તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૨૦૦૦થી ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦ અમલમાં આવેલ છે. ઘોંઘાટ માપવાના એકમને 'ડેસીબલ' કહે છે. દિવસ અને રાત્રીના સમયગાળા માટે ઔદ્યોગિક, વાણિજ્ય, રહેણાંક અને શાંત વિસ્તારોમાં ધ્વનિના ધોરણો જુદાજુદા છે.

સુપ્રીમકોર્ટે ફટાકડા ફોડવાથી પણ થતા ઘોંઘાટની સમસ્યાનું નિયંત્રણ કરવા માટે ચોક્કસ આદેશો આપ્યા છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ, પોલીસ કમિશ્નર કે નાયબ પોલીસ અધિક્ષક અથવા અન્ય સત્તાધિકૃત અધિકારીઓને ધ્વનિ પ્રદૂષણ નિયમોના અમલીકરણ માટે મુકરર સત્તાધિકારી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ તહેવારો દરમિયાન વાતાવરણમાં ધ્વનિ પ્રમાણનું મોનીટરિંગ કરે છે.

ઘોંઘાટનું પ્રદૂષણ કરતા ફટાકડા ફોડવા પર પ્રતિબંધ છે. વાસ્તવમાં, ફટાકડા ન ફોડવાની પ્રવૃત્તિ લોકોની ઈચ્છાશક્તિ પર જ નિર્ભર હોય તેમ જણાય છે અને એવું જોવામાં આવ્યું છે કે લોકો આવી ઈચ્છાશક્તિ ધરાવતા અથવા વ્યક્ત કરતા નથી, તેથી જ ઘોંઘાટવાળા ફટાકડા નહીં ફોડવાના પ્રતિબંધનો અમલ થતો હોય તેમ જણાતું નથી.

તહેવારોની ઉજવણી દરમિયાન થતા પ્રદૂષણની સંવેદના કે પ્રતીતિ લોકોમાં થાય તેવી જાગૃતિનો વ્યાપ વધારવાની આજના સમયની તાકીદ છે. હકીકતમાં, ન્યાયતંત્રના આ આદેશમાં ખાસ કરીને ફટાકડા ફોડવાથી તેમજ તહેવારોમાં ઘોંઘાટના પ્રદૂષણથી થતા નુકશાન બાબતે વિદ્યાથીઓને શિક્ષણ આપવા શાળાઓના આચાર્યોને ઉત્તરદાયી ગણ્યા છે. ઘણી સંસ્થાઓ વિદ્યાથીઓને તેઓના વાલી પાસેથી ફટાકડાને બદલે રોકડ રકમ લઈને સમાજ કલ્યાણ પ્રવૃત્તિઓમાં ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરી રહી છે. આપણા તહેવારો ઉજવવામાં જનસમૂદાયોના આરોગ્યને થતી હાની તેમજ પદૂષણથી બચવાનું ધ્યાને રાખી આપણે કેટલાંક રીતરીવાજોમાં પરિવર્તન કરવું જોઈએ. પર્યાવરણને સાનુકૂળ બનાય તેવીરીતે આપણે તહેવારોની ઉજવણી કરવામાં સહયોગી બનીએ.

# મનોહર રંગોળીથી લક્ષ્મીજીને આવકાર...









રંગોળી અને દિવાળી આપણે ત્યાં અભિન્નપણે જોડાયેલાં છે. રંગોળીનું મહત્ત્વ જેટલું જૂની પેઢીમાં છે એટલું જ નવી પેઢીમાં પણ છે. હા, પેઢી પ્રમાણે રંગોળીની ભાતમાં ને વિષયોમાં પરિવર્તન આવ્યાં છે, પરંતુ રંગોળી મૂળ સ્વરૂપે હજુ રંગોળી જ રહી છે.

મૂળ, દિવાળી જેવા પાવન અવસરે લક્ષ્મીજીને ઘરઆંગણે આવકારવા માટે તૈયાર કરવામાં આવતી રંગોળી હવે હરખનું, ઉજવણીનું અને કલા પ્રદર્શનનું માધ્યમ પણ બની છે. દિવાળીના પર્વ દરમ્યાન ઘેર-ઘેર મનોહર રંગોળી જોવા મળે છે. અનેક ઘરો તો એવાં પણ છે કે દિવાળીની રંગોળી અલગ બનાવે છે અને બેસતા વર્ષની રંગોળી અલગ બનાવે છે ! અહીં આપેલી ત્રણ રંગોળી પણ ગાંધીનગર શહેરમાં જ તૈયાર કરવામાં આવી છે. પ્રથમ રંગોળી વત્સલ વોરાની દીકરી હિમાએ તૈયાર કરી છે, બીજી રંગોળી અશોક ગણાત્રાને ઘેર કાવ્યા થાનકીએ તૈયાર કરી છે અને ત્રીજી રંગોળી ઍડવોકેટ અશ્વિન ત્રિવેદી અને એમનાં પત્ની વર્ષાબેને તૈયાર કરી છે.





ગાંધીનગરના પાદરે સ્થિત ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે ફૅકલ્ટી ડેવલપમૅન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત વિવિધ સૅશનમાં અધ્યાપકોએ સ્વવિકાસની તાલીમ મેળવી હતી.

ઍમઍનએલયુ, મુંબઈના વાઈસ ચાન્સેલર પ્રૉ. ભવાની પ્રસાદ પંડાના હસ્તે આ પ્રોગ્રામનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુપ્રિમ કૉર્ટના પૂર્વ જજ સી કે ઠક્કરના હસ્તે પ્રૉ. ડૉ. બિમલ ઍન પટેલ, ડૉ. જૉલી જબ્બલ અને ડૉ. પ્રાચી વિ મોતિયાની દ્વારા લિખિત પુસ્તક 'બૅન્કીંગ ઍન્ડ નૅગોશિએબલ ઈન્સ્ટ્રુમૅન્ટ ઍક્ટ'નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

## દિવાળી આવી

મનગમતી થનગનતી દિવાળી આવી
ઘર-ઘરને આંગણે રંગોળી સજાવી
ફટાકડા ફટ ફટ ફોડાવતી દિવાળી આવી

તેજના ફુઆરા શા દીવા પ્રગટાવ્યા
બાળકોને હોંશના હેતે નવડાવ્યા
હૈયામાં આનંદ ઉભરાવતી દિવાળી આવી

રૂડા-રૂપાળા શણગારો સજાવ્યા
એકમેકના હૈયામાં પ્રેમ પ્રગટાવ્યા
સ્નેહની સરવાણી વહાવતી દિવાળી આવી

મનમાં જે ભેદ એને સૌએ ભુલાવ્યા
સૌનાં હૈયાને એણે એક કરાવ્યાં
પ્રેમના રંગોથી સજતી દિવાળી આવી

કાંતિનાં નામ-ઠામ સાથે લઈ આવી
'ઈશ'નું અજવાળું સાથે લઈ આવી
અંતરના દીવડા પ્રગટાવતી દિવાળી આવી

- કાંતિલાલ એમ શર્મા

## દિવાળી

દિવાળીના દિવસમાં ઘર ઘર દેવાં થાય
ફટાકડા ફટફટ ફૂટે, મોટાં દાઝી જાય
આસોપાલવ ના મળ્યો, ગોતી થાકયા પાય
પ્લાસ્ટીકનાં તોરણ રૂડાં, બારણીએ ટીંગાય
લાભ, શુભ ને સાથિયા કંકુથી શેં થાય ?
બ્યુટીફૂલની આંગળી એમાં શેં બોળાય ?
પાપડ, મઠિયાં તે બધું બજારમાં વેચાય
સુંવાળીના નામનું અચરજ સૌને થાય
કાજુકતરી રોલનો વટ બધે વરતાય
મગસ મોહનથાળ તો ક્યાંયે ના મ્હેંકાય
ચીનાઓની રોશની કરતી ઝાકમઝોળ,
ભરતભૂમિના કોડિયા ક્યાંયે ના વેચાય
હજુ હવા આ દેશની ને નદીઓના નીર
જોકે પેપ્સીજળ વિના મઝા મળે ના ક્યાંય
ચાર દિવસની ચાંદની, ફિર અંધેરી રાત
ઉત્સવ આવ્યા આંગણે, આજ ભલે ઉજવાય

- રણછોડ વી પરમાર

## જન્મદિને વધામણી



હરેશ કા. ભટ્ટ (આર્કિટેક્ટ)
ઉપપ્રમુખ, શિવરંજની ટ્રસ્ટી અને સ્થાપક સભ્ય, ગાંધીનગર પેન્શનર્સ સમાજ, ખજાનચી, ગાંધીનગર સાહિત્ય સભા
મો. ૯૮૨૫૩ ૮૭૦૭૮, ફોન : ૨૩૨૨૩૨૨૦



પાયલ કિરણકુમાર ત્રિવેદી (૧૨-૧૧)



વિશાલ હેમચંદ્ર થોરાત (૧૨-૧૧) મો. ૯૪૨૮૦ ૪૭૫૨૮



મયુરી જીલુભા ધાધલ (૧૨-૧૧)



દેવર્ષ ડી ગર્ગ (૧૪-૧૧)



વૈભવી નરેશભાઈ મકવાણા (૧૨-૧૧)

# કૈકેયી... કલંકિત નારીનું બિરૂદ ધરાવતી કૂટનીતિજ્ઞ રાજમાતા !!






કૈકેયી એટલે રામાયણમાં ચિતરાયેલી વિલન, એના નામ માત્રથી સામાન્ય પ્રજાના મનમાં ઘૃણા પ્રગટે... રામના રાજ્યાભિષેકનાં મંગલ ચોઘડિયા અને સ્વાગતનો શરણાઈનાં સૂર વચ્ચે, રાણી કૈકેયીએ માંગેલા રાજા દશરથ પાસેના બે વચનો... મારા પુત્ર ભરતને રાજગાદી અને રામને ચૌદ વર્ષનો વનવાસ... રાજા દશરથના મૃત્યુ સાથે વૈધવ્ય અને રામના વનવાસ સાથે ધિક્કારનું પાત્ર બનેલી કૈકેયીના બીજા રૂપની વાર્તા એટલે ગાંધીનગરમાં જ વસતા ગુજરાતી સાહિત્યની દોલત સમના લોક સાહિત્યકાર દોલત ભટ્ટની નવલકથા કૈકેયી...

રામરાજ્યની કલ્પના તો કૈકેયીની હતી એ આ નવલકથા પરથી સાબીત થાય છે. એની આ આર્યવર્તને બચાવવાની યોજનામાં રામને સૌપ્રથમ સંમત કરે છે, અને ત્યારબાદ વિચક્ષણ મંત્રી સુમંત્રને સાંકળી લે છે... કૈકેયીની યોજનાને જાણ્યા બાદ શ્રીરામ યુધ્ધભૂમિનો સ્વીકાર કરે છે, ત્યારનો સંવાદ ખરેખર અદ્‌ભૂત છે...

'બોલો મા, મારે કયા નિર્ણય પર આવવાનું છે?' 'અયોધ્યાની ગાદીનો ચોક્કસ સમય પૂરતો ત્યાગ.' સમગ્ર યોજના જાણ્યા પછી રામ હચમચી ઊઠે છે. 'ક્ષમા કરો માતાજી! તમારી આ માગણીથી તમારા પર કાયમી કલંક લાગશે. આર્યાવર્તની આમ જનતા કૈકેયીના નામ ઉચ્ચારણમાં પણ પાપ સમજશે!'

કૈકેયીના વિલન પાત્રને એક નવા જ દષ્ટિકોણથી આલેખવામાં લેખક દોલત ભટ્ટ સફળ રહ્યાં છે. એમણે કૈકેયી કુટિલ નહીં પણ કૂટનીતિજ્ઞમાં માહેર આવી યુગદષ્ટા હતી એવી વાત સાથે વિચારની નવી જ બારી ખોલી આપતી નવલકથા આપી.

ગાંધીનગરના જ અન્ય જાણીતા લેખક ડૉ. કનૈયાલાલ ભટ્ટે એનું નાટ્યરૂપાંતર કર્યું છે. આ નવલકથા મરાઠીમાં પણ ભાષાંતરીત થઈ છે... આ નવલકથાને નાટકમાં ઢાળીને લોકો સુધી પહોંચવામાં હંમેશા પડકારજનક વિષયને વધાવી લેતા રંગભૂમિને સમર્પિત, દિગ્દર્શક-કલાકાર રાજુ બારોટે વ્યવસ્થિત ન્યાય આપ્યો છે.

કૈકેયીનું પાત્ર, એની વ્યુહરચના, આર્યાવર્તના હિતને સાચવવાની નીતિને ધ્યાનમાં રાખીને અઢળક પાત્રો ધરાવતી નવલકથામાંથી માત્ર પાત્ર-પ્રસંગને અનુરૂપ જ પાત્રો લઈને વાતનો પ્રવાહ જાળવી રાખવાના પ્રયાસથી રાજુ બારોટ દ્વારા જ કરાયેલું નાટ્યલેખન બીલકુલ ટુ ધ પોઈન્ટ છે...

મહાભારતની સિરીયલના 'સમય'માંથી પ્રેરીત થઈને કદાચ વાતને બાંધી રાખવા અને આગળ ધપાવવા અહીં સૂત્રધારને દૂહા-છંદગાન સાથે પ્રસ્તુત કરવાનો શૉર્ટકટ અપનાવ્યો છે... કૉમર્શિયલ નાટકની સામે ઐતિહાસિક નાટક હોવા છતાં સ્ટેજ સજ્જા બિલકુલ સિમ્પલ રાખી છે. બે-ચાર વખત પરદો બદલવાનો કે ફોટોફ્રેમ બદલીને એક જ સેટ જાળવી રાખ્યો છે.

નાનકડાં સ્ટેજ પર પ્રતિકાત્મક રૂપથી કૈકેયી, દશરથ, સારથી સાથેનું યુધ્ધદશ્ય, પૈડાની ધરી તૂટતાં પોતાનું કાંડું ભરાવીને રાજાને ઉગારી પોતાની વિરતા અને બુધ્ધિચાતુર્ય બતાવતી કૈકેયી, રાજાને વચનમાં બાંધવાની વાત... બધુ જ વાતને જમાવતું જાય છે.

કૈકેયી-સુમંત્ર, કૈકેયી-ભરત, કૈકેયી-રામ, કૈકેયી-જટાયુ જેવા સંવાદો અને વ્યુહરચનાઓ આ નાટકનું મજબૂત પાસું છે. આ નાટકમાં કૈકેયી સામે માલ્યવાનનો મોરચો એવું સ્પષ્ટ દેખાય છે...

માલ્યવાન રાવણને શસ્ત્રો છોડી શાસ્ત્રો અપનાવી, શૂર્પણખાનો માયાવીરૂપ ધારણ કરી રામ-લક્ષ્મણને મોહી લેવાની ચાલમાં માલ્યવાન બાજીમારી જાય છે... માલી-સુમાલીના ભાઈ માલ્યવાનની વાતથી આકર્ષાયેલી દીકરી કૈકેયીની પછી વિશ્રવાઋષી સાથે વિવાહ કરાય છે અને એમનાથી અવતરેલા પુત્ર રાવણને લંકાપતિ બનાવાય છે...

લંકાના રાજાના હિલચાલ મેળવતી કૈકેયી જટાયુ દ્વારા ધ્યાન રાખે છે, ભરતને રામના સ્પર્શ પામેલી ચરણપાદુકાથી અયોધ્યાનું રાજ્ય ચલાવવા આદેશ કરે છે. કૈકેયીની દીર્ઘદષ્ટી, કૂટનીતિજ્ઞ કૌશલ્ય, આર્યાવર્તનું રક્ષણ, કલ્યાણ અને સુખ શાંતિ માટેના પ્રયાસનો આખી ઘટમાળને બિલકુલ મોર્ડન એન્ગલ અને વિચારથી રજુ કરીને કૈકેયીને કૂટીલ, કપટી, કલંકિતથી ઉપર ઉઠાવી જાજરમાન રાજમાતા તરીકે પ્રસ્થાપીત કરી છે...

અમદાવાદ થીએટર સર્જીત આ નાટકના દિગ્દર્શક રાજુ બારોટે એની વર્સૅટાઈલ પર્સનાલિટીનો પરિચય કરાવ્યો છે. ટીવી સિરીયલની જાણીતી અભિનેત્રી વૈભવી ભટ્ટે કૈકેયીને આત્મસાત કરી છે, રાજમાતાનો ઠસ્સો અને ભાત ઉપસાવવામાં એકદમ સફળ રહ્યાં છે. દૂહા-છંદ દ્વારા નાટકને એકસુત્રમાં બંધી રાખનાર સુત્રધાર ઘનશ્યામ ગઢવી યથાયોગ્ય રહ્યાં... નાટકનું મજબુત કિરદાર માલ્યવાન રાજુ બારોટે જાતે ભજવી મોટા ભાગનું કામ હળવું કરી નાંખ્યું છે.

કૈકેયી-પરિન્દા નાયી દાસી-નીતા પટ્ટણી, શુર્પણખા-દિપ્તી જોષી (જો કે ગઈકાલે વડોદરા ભજવાયેલા નાટકમાં શુર્પણખા તરીકે પ્રા. નેહા ડીરાવલ હતાં), દશરથ-કમલ જોષી, સુમંત્ર-ઈકબાલ પટેલ, ભરત-પ્રિયંક ઉપાધ્યાય, રામ-વૈશાખ રાઠોડ, જટાયુ-હર્ષસિધ્ધસિંહ જાડેજા પોતપોતાના પાત્રને યથાયોગ્ય નાચ્ય આપ્યો છે.

લક્ષ્મણ મુર્છીત થયા બાદ સંજીવની લેવા ગયેલા હનુમાનને સૂર્યોદય પહેલા પહોંચવાના પ્રસંગને ગ્રાફીકથી બતાવ્યો જેમાં વિણાવાદન કરતી ઉર્મિલા અને કાળા રંગથી ચિત્તાને ચિત્રિત કરતી મંદોદરી, એક લક્ષ્મણ માટે બીજી મેઘનાદ માટે જે પ્રયત્નો કરે છે એ આખી વાત અને ચિત્રણ અદ્‌ભૂત હતું...

શ્રીરામ રામાયણના નાયક છે તો કૈકેયી ખલનાયક, આ વાત સમાજમાં એટલી સ્વીકાર્ય છે કે કોઈ પોતાની દીકરીનું નામ કૈકેયી રાખતું નથી... ઐતિહાસિક-પૌરાણીક વાતોની છણાવટ કરી, ઘૃણિત પાત્રને યુગદષ્ટા, અઠંગ રાજનીતિજ્ઞ અને રાજકારણી તરીકેનું ગૌરવ કૈકેયીને બક્ષવામાં લેખક અને નાટ્યકાર બન્ને સફળ રહ્યાં છે... ગાંધીનગરની જનતા માટે આવો અઘરો પ્રયોગ કરનારી સંસ્થા કલાગુર્જરી અને એમની સમગ્ર ટીમ અભિનંદનને પાત્ર છે. પોતાના પતિના પ્રાણનું બલિદાન, કદી ન ભૂંસાય એવું કલંક લઈને રાષ્ટ્રભક્તિ કરનાર કૈકેયીની ઉજળી બાજુ જાણી રૂંવાડા ઊભાં થાય છે...

# દિલમાં દીવો કરો રે દીવો કરો

આજે દિવાળી છે. આમ તો વરસનો છેલ્લો દિવસ, કાજળઘેરી અમાસ, પરંતુ ઘેર ઘેર એટલા બધા દીવડાં પ્રગટે કે અંધારું ગોત્યું ના જડે. આકાશમાં ચમકતા તારલા ધરતી પર ઝબૂકતા ટમટમિયાં જોઈ આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય. પૃથ્વી પર પ્રગટેલા દીવા ઘડીભર આકાશ ભણી નજર કરે તો એનેય પ્રશ્ન અચુક થાય : આટલે આઘે, આટલા બધાં દીપક કોમે મેલ્યા હશે? દીવા અને દિવાળી વિષે ઘણા કાવ્ય લખાયા હશે. આપણા ભક્તકવિ રણછોડે, હું જન્મ્યો પણ નહીં હોઉં ત્યારે કહ્યું'તું-

દિલમાં દીવો કરો રે દીવો કરો,
કૂડા ક્રોધ કામને પરહરો રે.
દયા દિવેલ પરણાયું પ્રેમ લાવો
માંહી સુરતાની દિવેટ બનાવો;
પછી બ્રહ્મ અગ્નિ ચેતાવો રે.

આ ભક્તકવિએ કેવળ માટીના કોડિયામાં રૂની દિવેટ મૂકી, થોડું તેલ ટપકાવી પછી દિવાસળી વડે ઝળહળતો દીવો પ્રગટાવવાનું નથી કહ્યું તે આપ તુરત સમજી ગયા હશો. એણે આપણા ઘર, ગામ, શેરીના અંધારાની સાથોસાથ અંતરમાં છવાયેલા કામક્રોધના અંધારાને વાળીઝૂડીને બહાર કાઢવાની વાત કરી છે. (આ વાત દંભી રાજકારણીઓ સમજે તો?)

કવિ સુરતાની દિવેટ બનાવી, પ્રેમથી દયા દિવેલ રેડી, બ્રહ્મ અગ્નિ વડે જ્યોત જગાડવાની મથામણ કરે છે. આ આખા કાવ્યનું શ્રી ઉમાશંકર જોષીએ અદ્‌ભૂત કહી શકાય તેવું રસદર્શન કરાવ્યું છે, આમ ક્યાંકથી મેળવીને જરૂરથી વાંચજો.

આપણા લોકલાડીલા કવિ શ્રી ઝવેરચંદ મેઘાણીએ પોતાનું પહેલવહેલું કાવ્ય ૧૯૧૮માં લખ્યું હતું, વાંચો -

દીવડો ઝાંખો બળે -
રે મારો દીવડો ઝાંખો બળે
આજે ઘેર અતિથિ આવે:
પલ પલ પડઘા પડે:
સકળ નગર સૂનું છે સ્વામી!
તારાં સ્વાગત કોણ કરે...

આ કાવ્યમાં કવિએ ભલે એમનો દીવડો ઝાંખો બળવાની વાત કરી હોય, પણ દિવસો જતાં એમના કાવ્ય દીપકો એવા ઝળહળવા માંડ્યા કે મોટેભાગે મેઘાણીથી જ ગુજરાતનું સાહિત્ય અને લોકસાહિત્ય ઘેરઘેર પ્રકાશવા માંડ્યું. તેમના જ યશસ્વી કરકમળમાંથી એક દિવસ કેવું કાવ્ય પ્રગટ્યું?

દીવડો તરતો જાય રે -
આજ મારે દીવડો તરતો જાય.
પવન-ઝપાટા ખાય રે -
આજ મારો દીવડો તરતો જાય.

ગંગા નદીના વહેણમાં તરતા દીવા જોઈને આ કાવ્ય લકાયું હશે કે નહીં તે ખબર પડતી નથી. પરંતુ ગીતનો વેગ એ પુણ્યસલિલા જેવો જ છે. કયા કારણથી આ જ્યોત જલાવવામાં આવી છે તે પણ કહે છે-

આ રે કાંઠે હું દીવો જલાવું, ને
સાયબોજી સામે પાર.
એ રે અંધાણીએ પ યુિજી પારખે, હું
ઘરમાં છે કે બા'ર રે ૦
વાહ મારો દીવડો તરતો જાય...

કોણ હશે આ પિયુજી? કેવી હશે આ પ્રિયતમા? આગળની કડીમાં કવિ પોતાની થોડીક ઓળખાણ આપે છે. થોડીક એટલે સાવ થોડી, ઝાઝી વાત કરવાનું ખાસ તો પોતાના વિશે એને ગમતું નથી, જુઓ -

લાખો લોકો તણે ગોખે ઝરુખે
બહુરંગી બત્તી પેટાય;
હું રે ગરીબ : મારું માટીનું કોડિયું
કેમ કરીને ઓળખાય રે -
વાહ, મારો દીવડો તરતો જાય...

સાહેલીએ તો આ કાંઠે દીવો મોટા પડિયામાં તરતો મૂકી દીધો, પરંતુ સામે કાંઠે પિયુલો ના ભાળે તો બધું કમઠાણ નકામું જાય, બલ્કે એવું બનતું નથી કારણ કે -

અંધારી રાત મારો સાયબોજી જળમાં
જોઈ રહે થર થર જ્યોત;
ઘૂઘવતા પૂરમાં પંડ ઝંપલાવે
મીઠું કરીને મોત રે -
વાહ, મારો દીવડો તરતો જાય...

સખી દ્વારા જળમાં દીવડો તરતો મૂકવાની અને સાયબા દ્વારા જ્યોતને ઝડપી લેવાની સઘળી ક્રિયા મથામણ એળે જતી નથી. વાલમ વહેતા વારિયામાં હાથ વિંઝતો વિંઝતો આખરે દીવડા સુધી પહોંચી જાય છે તેવું દશ્ય આ કાંઠે ઊભેલી ઉમંગી નારને સ્પષ્ટ દેખાય છે અને તેની આંખોમાં હરખના આંસુ છલકાઈ પડે છે.

ઝાંખેરી જ્યોતમાં દૂર દૂર દેખું
વાલીડાના વીંઝાતા અંગ
હાથ કેરી છાજલીમાં બળે મારો દીવડો,
પિયુ આવે મારતો છલંગ રે -
વાહ, મારો દીવડો તરતો જાય.
દીવડો તરતો જાય રે -
વાહ, મારો દીવડો તરતો જાય...

આ ગીતની કડીઓ ગાતાં ગાતાં આપ જ્યારે દિવાળીના દિવસના આથમતા અજવાળામાં ભારતના પ્રજાપતિઓએ બનાવેલા, માટીના કોડિયામાં જ્યોત પેટાવતા હશો ત્યારે એ દીવડાઓમાં કોઈ અનોખી આભા પ્રગટતી આપની નજરે પડશે. તેમાં સ્વદેશી માટીની ગંધ આવશે અને પ્રેમનો પ્રકાશ પણ આવશે.

આપણે ઘરદીવડાઓની આટલી બધી વાતો કરી. કોઈ પોતાના આંગણે ઊભા રહીને ચારે બાજુ નજર કરશે તો ક્યાંય માટીના કોડિયામાં પ્રગટેલા દીવા નજરે પડશે નહીં. તેવા ઠેકાણે દરેક આંગણે ચીન બનાવટના દીવા અને છત પર લાંબી લાંબી રંગીન સિરીઝો ચમકતી જોવા મળશે. ચારેબાજુ થતા ધૂમધડાકામાં કેટલાક ધડાકા ચીનમાંથી ગંઠાઈને આવ્યા હશે. આપણા શિવાકાશીના ફટાકડા હવે લોકોને મોંઘાં પડે છે. ચીનના ફટાકડા સસ્તા અને અપાર પ્રકારના હોય છે. વિદેશી બનાવટો પ્રત્યેની ઘેલછા આ દેશના દીવડા બુઝાવવા માટે કોઈ વાવાઝોડાથી કમ નથી. વિકાસની આંધળી દોડ પાછળ આપણે દોડતાં દોડતાં પડી જઈશું. રોકાવ નહીંતર ભવિષ્યમાં કોઈ કવિએ ગાવું પડશે -

દીવડો ડૂબતો જાય રે -
હાય, મારો દીવડો ડૂબતો જાય!
પવન સપાટા થાય રે -
હાય, મારો દીવડો બૂઝતો જાય!
જળ, ઝપાટા ખાય રે -
હાય, મારો દીવડો ડૂબતો જાય!

- રણછોડ વી પરમાર